# પ્રસાર ભારતી

## સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date: 11-03-2025** **MIDDAY: 1.20 TO 1.30**
**Day : WEDNESDAY** **National News**

આકાશવાણી સમાચાર યશવી મહેતા વાંચે છે.

***************************************************

**1)** પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કેરલમ અને તમિલનાડુમાં 16 હજાર કરોડ રૂપિયાથી વધુના વિકાસકાર્યોનું લોકાર્પણ અને ખાતમુહૂર્ત કરશે

**2)** ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું, વિશ્વમાં સૌથી વધુ સસ્તી ઇન્ટરનેટ સેવાઓ ભારતમાં ઉપલબ્ધ

**3)** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારતની રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ સાથે 300 બિલિયન યુએસ ડોલરની ઐતિહાસિક ભાગીદારીની જાહેરાત કરી

**4)** ઉત્તર પ્રદેશ ATS એ પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ISI માટે જાસૂસી કરવાના આરોપમાં નૌકાદળના એક જવાનની ધરપકડ કરી

**5)** ભારત 22 વર્ષમાં પ્રથમ વખત ટોચની આંતરરાષ્ટ્રીય તીરંદાજી સ્પર્ધાની યજમાની કરશે

.......................................................................

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

હવે પછી આપ બે વાગીને 30 મિનિટે પ્રાદેશિક સમાચાર સાંભળી શકશો....

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચારનું જીવંત પ્રસારણ આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/GU અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

. . . . . . . . . . . . . .

ડેસ્ક

# MADAGASCAR-RELIEF MATERIALS

ભારતે મેડાગાસ્કરમાં ચાલી રહેલા રાહત પ્રયાસોને ટેકો આપવા માટે માનવતાવાદી સહાય મોકલી છે. વિદેશ મંત્રાલયના પ્રવક્તા રણધીર જયસ્વાલે સોશિયલ મીડિયામાં માહિતી આપી હતી કે ભારતીય વાયુસેનાનું C-17 વિમાન 12 ટન તબીબી સહાય અને 18 ટન આપત્તિ રાહત સામગ્રી લઈને અંતાનાનારીવો પહોંચ્યું છે. જેમાં જીવનરક્ષક દવાઓ, સર્જિકલ પુરવઠો, તંબુઓ, પાણી સંગ્રહ ટાંકીઓ અને ખોરાકનો સમાવેશ થાય છે.

# PM KERALAM TAMILNADU

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે કેરલમ અને તમિલનાડુની મુલાકાત લેશે. તેઓ કેરલમમાં, આજે એર્નાકુલમ ખાતે લગભગ 10 હજાર 800 કરોડ રૂપિયાના અનેક વિકાસલક્ષી પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરશે. પ્રધાનમંત્રી મોદી આ કાર્યક્રમ દરમિયાન એક સભાને પણ સંબોધિત કરશે.

તમિલનાડુમાં, પ્રધાનમંત્રી તિરુચિરાપલ્લીમાં લગભગ 5 હજાર 650 કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનો શુભારંભ કરાવશે. આ પ્રોજેક્ટ્સ પેટ્રોલિયમ અને કુદરતી ગેસ માળખાગત સુવિધાઓ, ગ્રામીણ જોડાણ અને હાઇવે વિકાસ જેવા મુખ્ય ક્ષેત્રોને આવરી લે છે. પ્રધાનમંત્રી પાંચ નવી ટ્રેન સેવાઓને પણ લીલી ઝંડી આપશે અને આ પ્રસંગે એક સભાને સંબોધિત કરશે.

# LS-VAISHNAW

ઇલેક્ટ્રોનિક્સ અને આઇટી મંત્રી અશ્વિની વૈષ્ણવે કહ્યું છે કે વિશ્વમાં સૌથી વધુ સસ્તી ઇન્ટરનેટ સેવાઓ ભારતમાં ઉપલબ્ધ છે. તેમણે કહ્યું કે, દેશમાં ઇન્ટરનેટ ટેરિફ વૈશ્વિક સરેરાશ 2.59 ડોલર પ્રતિ જીબી કરતા લગભગ 25 ગણા ઓછા છે. આજે લોકસભામાં પ્રશ્નકાળ દરમિયાન પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી વૈષ્ણવે કહ્યું કે, છેલ્લા એક દાયકામાં, પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ડિજિટલ ઇન્ડિયા પહેલ દ્વારા ડિજિટલ સમાવેશ પર ત્રણ મુખ્ય મોરચે કામ કર્યું છે. જેમાં ઇન્ટરનેટ ઍક્સેસનો વિસ્તાર કરવો, ઇન્ટરનેટ સેવાઓને સસ્તી બનાવવી અને મજબૂત ડિજિટલ જાહેર માળખાનું નિર્માણ કરવાનો સમાવેશ થાય છે. શ્રી વૈષ્ણવે નોંધ્યું હતું કે 2014 માં, ભારતમાં ઇન્ટરનેટ કનેક્ટિવિટી ફક્ત 25 કરોડ લોકો માટે ઉપલબ્ધ હતી અને આજે આ સંખ્યા વધીને લગભગ 103 કરોડ વપરાશકર્તાઓ થઈ ગઈ છે.

**(BYTE: ASHWINI INTERNET)**

# LS-RAILWAYS

રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવે માહિતી આપી છે કે દેશમાં ઓટોમેટિક ટ્રેન પ્રોટેક્શન સિસ્ટમ KAVACH પર કામ ઝડપી ચાલી રહ્યું છે. આજે લોકસભામાં પૂરક પ્રશ્નોના જવાબ આપતા શ્રી વૈષ્ણવે જણાવ્યું હતું કે, KAVACH એ પાંચ સબ-સિસ્ટમ સાથે ખૂબ જ જટિલ સિસ્ટમ છે. તેમણે કહ્યું કે, આઠ હજાર 570 કિલોમીટરમાં ઓપ્ટિકલ ફાઇબર કેબલ્સ, OFC સ્થાપિત કરાયા છે. શ્રી વૈષ્ણવે કહ્યું કે, KAVACH સિસ્ટમ પર કામ 90 ના દાયકામાં શરૂ થવું જોઈતું હતું પરંતુ તે 2014 માં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ કાર્યભાર સંભાળ્યા પછી શરૂ થયું હતું.

(બાઇટ : VAISNAW-TRAIN-PROJECT)

અન્ય એક પૂરક પ્રશ્નના જવાબમાં શ્રી વૈષ્ણવે કહ્યું કે, રેલવેએ વન્યજીવોના રક્ષણ માટે અનેક પગલાં લીધા છે, જેમ કે અંડરપાસ અને ઓવરપાસ બનાવવા. તેમણે કહ્યું કે, રેલવે મંત્રાલય હાથી સહિત વન્યજીવોના રક્ષણ માટે ઓપ્ટિકલ ફાઇબર કેબલ્સ અને AI કેમેરા જેવી ટેકનોલોજીનો ઉપયોગ કરી રહ્યું છે.

# MINISTRY OF HEALTH - PUBLIC COMMENTS

આરોગ્ય અને પરિવાર કલ્યાણ મંત્રાલયે રક્ત ઉત્પાદનોના પરીક્ષણ સંબંધિત ડ્રગ્સ રૂલ્સ, 1945 હેઠળ શેડ્યૂલ F ના ફકરા G માં સુધારો કરવાના પ્રસ્તાવ પર જાહેર ટિપ્પણીઓ મંગાવી છે. મંત્રાલયે જણાવ્યું હતું કે આ સુધારાનો હેતુ ભારતના નિયમનકારી માળખાને આંતરરાષ્ટ્રીય સ્તરે સ્વીકૃત દવા ધોરણો સાથે સંરેખિત કરવાનો છે.

તેમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, ભારતીય, બ્રિટિશ, અમેરિકન અને યુરોપિયન અધિકૃત દવા ધોરણ અનુસાર, માનવ પ્લાઝ્માને અલગ કરતા પહેલા હેપેટાઇટિસ બી સપાટી એન્ટિજેન, હેપેટાઇટિસ સી વાયરસ આરએનએ અને એચઆઇવી એન્ટિબોડીઝ માટે પરીક્ષણ ફરજિયાત છે.

મંત્રાલયે જણાવ્યું હતું કે હાલમાં, અંતિમ ઉત્પાદનોનું સમાન ધોરણો અનુસાર ફરીથી પરીક્ષણ કરવામાં આવે છે. પ્રસ્તાવિત સુધારો આ બિનજરૂરી પરીક્ષણને દૂર કરે છે અને ઉચ્ચ દર્દી સલામતી ધોરણો સુનિશ્ચિત કરે છે.

# TRUMP - RELIANCE

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે જાહેરાત કરી છે કે અમેરિકાને 50 વર્ષમાં પહેલી ઓઇલ રિફાઇનરી મળશે, જેને રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝના રોકાણોથી ભંડોળ પૂરું પાડવામાં આવશે. ટ્રમ્પે કહ્યું કે ટેક્સાસના બ્રાઉન્સવિલે પોર્ટ ખાતે નવી રિફાઇનરી અમેરિકન બજારોને બળતણ આપશે, રાષ્ટ્રીય સુરક્ષાને મજબૂત બનાવશે, અમેરિકન ઉર્જા ઉત્પાદનને વેગ આપશે અને હજારો રોજગારીઓનું સર્જન કરશે. તેને 300 અબજ ડોલરના ઐતિહાસિક કરાર તરીકે વર્ણવતા, ટ્રમ્પે સોશિયલ મીડિયા સંદેશમાં કહ્યું કે ઇતિહાસમાં અમેરિકન કામદારો, ઉર્જા અને દક્ષિણ ટેક્સાસના લોકો માટે એક મોટી જીત છે. જોકે, રિલાયન્સ ઇન્ડસ્ટ્રીઝ તરફથી અત્યાર સુધી આ કરાર અંગે કોઈ સત્તાવાર વાતચીત કરવામાં આવી નથી

# TRUMP-IRAN

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે કહ્યું, હોર્મુઝ સામુદ્રધુનીમાં ઈરાનની કાર્યવાહીના અહેવાલો બાદ અમેરિકન સૈન્યએ ઈરાનના 10 જહાજોને સંપૂર્ણપણે નષ્ટ કર્યા છે. ઈરાન દ્વારા વિશ્વના સૌથી મહત્વપૂર્ણ તેલ પરિવહન કોરિડોરમાંના એકમાં સુરંગ નાખવાનો પ્રયાસ કરાઇ રહ્યો હોવાના અહેવાલ સમયે આ દાવો કરાયો છે. અમેરિકાએ જણાવ્યું કે ઈરાન વિરુદ્ધ સૈન્ય કાર્યવાહીની શરૂઆતથી અત્યાર સુધી 140 સૈનિકો ઇજાગ્રસ્ત થયા છે. સાંભળીએ એક અહેવાલ.

(વોઇસ કાસ્ટ : SARFAROSHI)

# ISI AGENT NABBED

ઉત્તર પ્રદેશ આતંકવાદ વિરોધી ટુકડી-ATS એ પાકિસ્તાનની ગુપ્તચર સંસ્થા ISI માટે જાસૂસી કરવાના આરોપમાં 24 વર્ષીય નૌકાદળના એક જવાનની ધરપકડ કરી છે. એક નિવેદનમાં, ATS એ જણાવ્યું હતું કે તેમને બાતમી મળી હતી કે એક વ્યક્તિ ISI એજન્ટના સંપર્કમાં છે અને તેમની સાથે સંબંધિત સંવેદનશીલ માહિતી આપી રહ્યો છે. શંકાસ્પદ વ્યક્તિની ઓળખ આદર્શ કુમાર ઉર્ફે લકી તરીકે થઈ છે, જે આગ્રાનો રહેવાસી છે અને કેરળના કોચીમાં દક્ષિણ નૌકાદળ કમાન્ડમાં લાન્સ નાઈક તરીકે તૈનાત હતો. ATS અનુસાર, તપાસમાં જાણવા મળ્યું છે કે આરોપીએ પાકિસ્તાન સ્થિત ISI એજન્ટ સાથે સંપર્ક સ્થાપિત કર્યો હતો અને તેમાં સંવેદનાત્મક માહિતી શેર કરી હતી.

# INDIA – ARCHERY

ભારત 22 વર્ષમાં પ્રથમ વખત ટોચની આંતરરાષ્ટ્રીય તીરંદાજી સ્પર્ધાનું આયોજન કરવા માટે તૈયાર છે, જેમાં 2027 માં એશિયા કપના બીજા તબક્કાની યજમાની દિલ્હીને આપવામાં આવશે. દેશમાં છેલ્લે 2005 માં દિલ્હીમાં એશિયન તીરંદાજી ચેમ્પિયનશિપ યોજાઈ હતી ત્યારે એક મોટી આંતરરાષ્ટ્રીય તીરંદાજી ટુર્નામેન્ટનું આયોજન કરવામાં આવ્યું હતું. વર્લ્ડ તીરંદાજી એશિયાના પ્રમુખ કાઝી રાજીબ ઉદ્દીન અહેમદ ચપોલ, જેઓ કોલકાતાની ત્રણ દિવસની મુલાકાતે છે, તેમણે તીરંદાજી એસોસિએશન ઓફ ઈન્ડિયાના સેક્રેટરી જનરલ વીરેન્દ્ર સચદેવને આગામી આંતરરાષ્ટ્રીય ટુર્નામેન્ટના આયોજન અંગે ચર્ચા કરવા માટે મળ્યા બાદ આ નિર્ણય લેવામાં આવ્યો હતો.

# PUDUCHERRY POLLS REVIEW

ભારતીય ચૂંટણી પંચના વિશેષ નિરીક્ષક પ્રતાપ સિંહે આગામી પુડુચેરી વિધાનસભા ચૂંટણીના સંદર્ભમાં અમલીકરણ સંસ્થાઓની તૈયારીઓની સમીક્ષા કરી. પુડુચેરીના મુખ્ય ચૂંટણી અધિકારી પી. જવાહર, રાજ્ય પોલીસ નોડલ અધિકારી આર. સત્યસુંદરમ, અને પોલીસ વિભાગ તથા અન્ય અમલીકરણ સંસ્થાઓના નોડલ અધિકારીઓએ મુખ્ય સચિવાલય ખાતે યોજાયેલી સમીક્ષા બેઠકમાં હાજરી આપી હતી. વિવિધ અમલીકરણ એજન્સીઓના અધિકારીઓએ તેમના વિભાગોની તૈયારીઓ અને ચૂંટણી સમયગાળા દરમિયાન અસરકારક દેખરેખ સુનિશ્ચિત કરવા માટે લેવામાં આવતા પગલાં અંગે પ્રેઝન્ટેશન આપ્યું હતું.